| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GJPM080012282025 | सत्यमेव जयते | ફરીયાદ આવ્યા તારીખ | : | ૧૧–૦૮–૨૦૨૫ | | |
| | | ફરીયાદ રજુ થયા તારીખ | : | ૧૧–૦૮–૨૦૨૫ | | |
| | | ફરીયાદ નિકાલ થયા તારીખ | : | ૧૫–૦૪–૨૦૨૬ | | |
| | | સમય ગાળો. | | વર્ષ | માસ | દિવસ |
| | | | | ૦૦ | ૦૮ | ૦૪ |

**ઘોઘંબાના મે.એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં...**

## ક્રિમીનલ કેસ નં.૧૦૭૩/૨૦૨૫

**આંક–**

| **ફરીયાદી.** |
|---|
| શ્રી સરકાર. |

**–:: વિરૂધ્ધ ::–**

| **આરોપી** |
|---|
| જીમલાભાઈ ખુમાનભાઈ રાઠવા,ઉ.વ.૪૯,<br>રહે.શામળકુવા,કનાસીયા ફળિયું,<br>તા.ઘોઘંબા,જી.પંચમહાલ. |

**ફરીયાદ :– ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨),૧૧૭(૨), ૩૫૨ તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫ મુજબ.**

---

**ફરીયાદી તર્ફે વિ.વ.એ.પી.પી.શ્રી એ.ડી.કામોળ.**
**તહોમતદાર તર્ફે વિ.વ.શ્રી વી.એમ. સોલંકી.**

---

**-:: ચુકાદો ::-**

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,તા.૦૪/૦૫/૨૦૨૫ ના કલાક ૧૨:૩૦ વાગ્યે મોજે શામળકુવા ગામે કનાસીયા ફળિયામાં આ કામના આરોપીએ જમીનના ભાગે બાબતે સેકડાભાઈ પુનાભાઈ રાઠવાનાને ગમે તેમ ગાળો બોલવા લાગેલ અને સાહેદે ગાળો બોલવાની ના પાડતા આરોપી જીમલાભાઈ ખુમાનભાઈ રાઠવાનાઓ એકદમ ઉશ્કેરાઈ જઈ તેના હાથમાની લાકડાના હાથવાળી કોદાળી સાહેદને ડાબા હાથે તથા ડાબા પગે મારી દઈ ફ્રેકચર કરી જાહેરનામાનો ભંગ કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨),૧૧૭(૨), ૩૫૨ તથા જી.પી.એકટ ની કલમ-૧૩૫ મુજબની નોંધાવતા તે ફરીયાદની તપાસના આધારે ત.ક.અધિકારીએ તપાસ કરી, લાગતા-વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપી સામે પુરતો પુરાવો મળતા કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ.

૨. આરોપી સામે ચાર્જશીટ રજુ થતા આરોપી સામેના ઉપરોકત ગુન્હાનુ સંજ્ઞાન લઈ આ કામના આરોપીને સમન્સ કરતા અને અદાલતમાં ઉપસ્થિત થતા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦ અન્વયે આરોપીને તમામ પોલીસ પેપર્સ ની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ આરોપી વિરુધ્ધ ગુન્હા સબબનુ તહોમતનામુ ફરમાવી આરોપીનુ નિવેદન નોંધવામાં આવતા આરોપી એ ગુન્હાનો ઈન્કાર કરતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

૩. હાલના કામે ફરીયાદ પક્ષે નીચે મુજબ નો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો.**

| અ.નં. | સાહેદની વિગત. | આંક. |
|---|---|---|
| ૧. | સાહેદ મસુરભાઈ રૂમાલભાઈ રાઠવા (ફરીયાદી)ની જુબાની. | ૦૮ |
| ૨. | સાહેદ સેકડાભાઈ મુનીયાભાઈ રાઠવા ની જુબાની | ૧૦ |

**ફરીયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવો.**

| અ.નં. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| ૧. | ફરીયાદ. | ૯ |
| ૨. | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ. | ૬ |
| ૩. | ઈન્જરી સર્ટીફીકેટ. | ૫ |
| ૪. | મુદામાલ રીકવરી પંચનામું | ૭ |

**૪.** ફરીયાદ પક્ષે ઉપરોકત રજુ કરેલ પુરાવા સિવાય વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા નથી તેમ જણાવી ફરીયાદ પક્ષે આંક–૧૧ થી કલોઝીંગ પુરશીસ રજુ કરતા ફરીયાદ પક્ષનો પુરાવો પૂર્ણ કરવામાં આવેલો છે. ફરીયાદ પક્ષ નો રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આરોપી વિરુધ્ધના એવા કોઈ સંજોગો કે જેનો ખુલાસો આરોપી પાસેથી મેળવવો જરુરી જણાતો હોય તેમ જણાઈ આવ્યુ ન હોવાથી આરોપીનુ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ વધારાનુ નિવેદન નોંધવામાં આવેલ નથી.

ત્યારબાદ સદર કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી પક્ષે વિ.વ.શ્રી વી.એમ. સોલંકી ની દલીલો સાંભળવામાં આવી.

**૫.** હાલના કેસમા પક્ષકારો તર્ફે રજુ કરવામાં આવેલ પુરાવાઓ ધ્યાને લેતા તેમજ પક્ષકારો તર્ફે કરવામાં આવેલ મૌખિક દલીલો ધ્યાને લેતા મારી સમક્ષ નીચે મુજબ ના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે**,**તા.૦૪/૦૫/૨૦૨૫ ના કલાક ૧૨:૩૦ વાગ્યે મોજે શામળકુવા ગામે કનાસીયા ફળિયામાં આ કામના આરોપીએ જમીનના ભાગે બાબતે સેકડાભાઈ પુનાભાઈ રાઠવાનાને ગમે તેમ ગાળો બોલવા લાગેલ અને સાહેદે ગાળો બોલવાની ના પાડતા આરોપી જીમલાભાઈ ખુમાનભાઈ રાઠવાનાઓ એકદમ ઉશ્કેરાઈ જઈ તેના હાથમાની લાકડાના હાથવાળી કોદાળી સાહેદને ડાબા હાથે તથા ડાબા પગે મારી દઈ ફ્રેકચર કરી જાહેરનામાનો ભંગ કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨),૧૧૭(૨)**,** ૩૫૨ તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫ મુજબ સજાને પાત્ર ગુન્હાહિત કૃત્ય કર્યુ છે.?

**૨.** શું હુકમ ?

**૬.** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧:–નકારાત્મક.

મુદ્દા નં.૨:–આખરી હુકમ મુજબ.

**૭.** ઉપરોકત મુદ્દાઓ અંગેના જવાબો માટેના કારણોનીચે મુજબ છે.

–:: **કારણો** ::–

**મુદ્દા નં.૧:–**

હાલના કેસમાં આરોપી વિરુધ્ધ  ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨),૧૧૭(૨)**,** ૩૫૨ તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫ અન્વયે સજાને પાત્ર ગુન્હાહિત કૃત્યના તહોમત અંગે ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવી છે. ફોજદારી ધારાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અન્વયે આરોપીઓ વિરુધ્ધનો ગુન્હો વ્યાજબી શંકા રહીત પુરવાર કરવાનો સમગ્ર બોજો ફરીયાદ પક્ષના શીરે રહે છે.

૮. આરોપી વિરુધ્ધના ઉપરોકત ગુન્હા સબબના આવશ્યક તત્વોને ધ્યાને રાખી ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાનુ આક્ષેપના સમર્થનમાં મુલ્યાંકન કરીએ તો, ફરીયાદ પક્ષે સૌ પ્રથમ આંક–૦૮ થી ફરીયાદી સાહેદ મસુરભાઈ રૂમાલભાઈ રાઠવા ને તપાસવામાં આવેલા છે. સાહેદ પોતાની જુબાનીમાં જણાવે છે કે,બનાવમાં મારા કાકા સાથે જમીનના ભાગ બાબતે સામાન્ય બોલાચાલી થયેલી ઝપાઝપી થતા પડી જવાથી મારા કાકા સેકડાભાઈ ને વાગેલુ આવેશમાં આવી જઈને મે તેઓના વિરુધ્ધ પોલીસ સ્ટેશનમાં જઈને ફરીયાદ આપેલી મને આજરોજ ફરીયાદ બતાવવામા આવે છે તે જોઈને કહુ છુ કે તેમા મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક–૦૯ આપવામા આવે છે તેવી હકીકત પોતાની ફરીયાદથી વિરુધ્ધ ની જણાવતા સાહેદ ને ફ.રીયાદ પક્ષ તરફથી ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી ધ્વારા સાહેદની પુરાવા કલમ–૧૫૪ અન્વયે પરવાનગીથી ઉલટ તપાસમા પુછી શકાય તેવા પ્ર શ્નો પુછી ઉલટ તપાસ કરતા પણ સાહેદે ફરીયાદને સમર્થનકારી કોઈ હકીકત જણાવી નથી. ત્યારબાદ સાહેદની બચાવ પક્ષે કરવામા આવેલી ઉલટ તપાસમા સાહેદે એ વાત ખરી છે કે,અમારે આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે,સામાન્ય બોલાચાલી સીવાય બીજું કાંઈ બનેલ નહી. એ વાત ખરી છે કે,આરોપીઓએ મારા કાકાને કોઈ માર મારેલ નહી કે કોઈ ગાળો બોલેલ નહી.

તે બાદ સદર કામે ફરીયાદ પક્ષે આંક–૧૦ થી સાહેદ સેકડાભાઈ મુનીયાભાઈ રાઠવા ને તપાસવામાં આવેલા છે. સદર સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદી સાહેદે જે હકીકતે પુરાવો રજુ કરેલો છે તેવી

હકીકતે પોતાનો મહત્વનો પુરાવો રજુ કરેલો હોઈ સાહેદના પુરાવાનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

૯. આમ, ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલા ફરીયાદી ભોગબનનાર તથા સાહેદ ના પુરાવા નુ મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી મસુરભાઈ રૂમાલભાઈ રાઠવા નાઓએ આંક-૦૮ ની પોલીસ રુબરુ જે ફરીયાદ આપેલ છે તેમાં આરોપી વિરુધ્ધના ગુન્હાને લગતી મહત્વની હકીકતો જણાવેલી છે તેવી હકીકતો ને ફરીયાદી તથા સાહેદએ પોતાની સોગંદ ઉપર ની જુબાનીમાં સમર્થન આપેલ નથી આમ, ફરીયાદ પક્ષના મહત્વ ના સાહેદોની જુબાની દ્વારા એવી હકીકત પ્રસ્થાપિત થઈ શકેલ નથી કે, ''તા.૦૪/૦૫/૨૦૨૫ ના કલાક ૧૨:૩૦ વાગ્યે મોજે શામળકુવા ગામે કનાસીયા ફળિયામાં આ કામના આરોપીએ જમીનના ભાગે બાબતે સેકડાભાઈ પુનાભાઈ રાઠવાનાને ગમે તેમ ગાળો બોલવા લાગેલ અને સાહેદે ગાળો બોલવાની ના પાડતા આરોપી જીમલાભાઈ ખુમાનભાઈ રાઠવાનાઓ એકદમ ઉશ્કેરાઈ જઈ તેના હાથમાની લાકડાના હાથવાળી કોદાળી સાહેદને ડાબા હાથે તથા ડાબા પગે મારી દઈ ફ્રેકચર કરી જાહેરનામાનો ભંગ કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨),૧૧૭(૨), ૩૫૨ તથા જી.પી.એકટ ની કલમ-૧૩૫ મુજબ નો ગુનો પુરવાર કરી શકેલ નથી.

૧૦. ફરીયાદ પક્ષે બાકી રહેતા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામા આવે તો આંક -૦૬ થી ગુના વાળી જગ્યાનું પંચનામું રજૂ થયેલ છે પરંતુ તેનાથી આરોપી વિરૂધ્ધના ગુનાને લગતી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.તેમજ આંક-૦૭ થી મુદ્દામાલ હથીયાર કબજે કર્યા અંગેનુ પંચનામુ રજુ થયેલ છે, જે ધ્યાને લેતા

ગુનામાં વપરાયેલ હથીયારો કબજે કરેલ હોવાનું જણાવેલ છે, પરંતુ ખુદ ફરીયાદી તથા ભોગબનનાર, સાહેદએ બનાવ સમયે આરોપીએ કોઈ હથીયારનો ઉપયોગ કરેલ હોય કે હથીયાર વડે કોઈ ઈજા પહોચાડેલ હોય તેવી હકીકતોને સમર્થન આપેલ નથી. તેમજ આંક–૦૫ થી ઈજા પામનાર સાહેદોને થયેલી ઈજાઓ સબં ધેનુ ઈન્જરી સર્ટીફિકેટ રજુ થયેલ છે, પરંતુ આવી ઈજાઓ આ કામના આરોપીઓ દવારા પહોચાડવામાં આવેલ હોય તેવી હકીકતને ખુદ ફરીયાદી ભોગ બનનાર–બનાવ નજરે જોનાર ઈજા પામનાર સાહેદ ધ્વારા તેમની સોગંદ ઉપરની જુબાની મા સમર્થન આપેલ નથી.આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો પણ આરોપીઓ વિરુધ્ધ ના ગુનાને પુરવાર કરવામા મદદરુપ નીવડી શકેલ નથી.

**૧૧.** આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા બનાવ સમયે, બનાવ તારીખે અને બનાવ સ્થળે 'તા.૦૪/૦૫/૨૦૨૫ ના કલાક ૧૨:૩૦ વાગ્યે મોજે શામળકુવા ગામે કનાસીયા ફળિયામાં આ કામના આરોપીએ જમીનના ભાગે બાબતે સ ેકડાભાઈ પુનાભાઈ રાઠવાનાને ગમે તેમ ગાળો બોલવા લાગેલ અને સાહેદે ગાળો બોલવાની ના પાડતા આરોપી જીમલાભાઈ ખુમાનભાઈ રાઠવાનાઓ એકદમ ઉશ્કેરાઈ જઈ તેના હાથમાની લાકડાના હાથવાળી કોદાળી સાહેદને ડાબા હાથે તથા ડાબા પગે મારી દઈ ફ્રેકચર કરી જાહેરનામાનો ભંગ કરેલો હોય.''તેવી હકીકત પુરવાર થઈ શકેલ નહોઈ આરોપીને તેઓની વિરુધ્ધના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ ના હોઈ મુદ્દા નં.૧ નો જવાબ '' નકારાત્મક'' આપી મુદ્દા નં.૨ માટે નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

૧. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧ અન્વયે આ કામના આરોપી જીમલાભાઈ ખુમાનભાઈ રાઠવા,રહે. શામળકુવા, કનાસીયા ફળિયું, તા. ઘોઘંબા,જી.પંચમહાલ. નાઓને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨),૧૧૭(૨), ૩૫૨ તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫ મુજબના ગુનાના આરોપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૪૩૭(એ) મુજબ રૂા. ૫૦૦૦/– ના જાત જામીન તથા સધ્ધર જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ:–ઘોઘંબા.
તારીખ : ૧૫/૦૪/૨૦૨૬

**(એચ.એસ.લાંગા)**
એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ઘોઘંબા.
કોડ નં. જી.જે.૦૧૦૦૦.